મહીસાગર જિલ્લામાં વરસાદ ખેંચાતાં પાક તબાહ, ખેડૂતો આર્થિક પાયમાલીના આરે

મહીસાગર જિલ્લાને 'દુષ્કાળગ્રસ્ત' જાહેર કરવા ખેડૂતોની પ્રબળ માંગ

પશુઓ માટે ઘાસચારો અને પીવાના પાણીની ત્વરિત વ્યવસ્થા કરવા કિસાન સભાની લડત

(પ્રતિનિધિ) સંતરામપુર તા.૧૪

મહીસાગર જિલ્લામાં ચાલુ વર્ષે ઓછા અને અનિયમિત વરસાદના કારણે ખેતીના પાકને વ્યાપક નુકસાન થતાં ખેડૂતોની આજીવિકા પર ગંભીર સંકટ ઊભું થયું છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખી મહીસાગર જિલ્લાને તત્કાળ 'દુષ્કાળગ્રસ્ત' જાહેર કરવા અને પીડિત ખેડૂતોને આર્થિક સહાય પૂરી પાડવા ગુજરાત કિસાન સભા દ્વારા કડક વલણ અપનાવવામાં આવ્યું છે. સંતરામપુર તાલુકાના બટકાવાડા ગામે યોજાયેલી કિસાન સભાની જિલ્લા કક્ષાની બેઠકમાં ખેડૂતોની સ્થિતિ અંગે ચર્ચા કરી હતી

મહીસાગર જિલ્લામાં વરસાદની ખેંચના કારણે ખેતીનો પાક સંપૂર્ણપણે નિષ્ફળ ગયો છે, જેનાથી ધરતીપુત્રો ભારે આર્થિક મુશ્કેલીમાં મુકાયા છે. ખેડૂતોના આ પડતર પ્રશ્નો અને પીડાને વાચા આપવા માટે કિસાન સભાની જિલ્લા કક્ષાની અગત્યની બેઠક સંતરામપુર તાલુકાના બટકાવાડા ગામે આવેલા જય દલપેશ્વર મંદિરના પટાંગણમાં યોજાઈ હતી. આ બેઠકમાં બટકાવાડા તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ખેડૂતો, ગ્રામજનો અને સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં ઉપસ્થિત ખેડૂતોએ આક્રોશ વ્યક્ત કર્યો હતો કે અનિયમિત વરસાદે ખેતી તબાહ કરી નાખી છે. આથી, વહીવટી તંત્ર અને સરકાર દ્વારા જિલ્લાને તાત્કાલિક દુષ્કાળગ્રસ્ત જાહેર કરી ખેડૂતો અને ખેતમજૂરો માટે રાહતકાર્યો શરૂ કરવામાં આવે.

સંતરામપુર પ્રાંત અધિકારીને 26મીએ આવેદન અપાશે

ખેડૂતોને પાક નુકસાનીનું વળતર મળે, પશુઓ માટે ઘાસચારો અને ગ્રામજનો માટે પીવાનું પાણી ઉપલબ્ધ થાય તે હેતુથી કિસાન સભા દ્વારા આગામી 26 ઓક્ટોબર, 2026ના રોજ સંતરામપુર પ્રાંત અધિકારીને આવેદનપત્ર રજૂ કરી રજૂઆત કરવામાં આવશે.

આ બેઠકમાં ગુજરાત કિસાન સભાના રાજ્ય પ્રમુખ ડાયાભાઈ ગજેરા, ઉપપ્રમુખ અરુણ મહેતા, મહામંત્રી પરસોત્તમભાઈ પરમાર તથા દાહોદ જિલ્લા પ્રમુખ કનુભાઈ કટારા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ખેડૂતોના પ્રશ્નો, પાક નુકસાની અને રાહત મેળવવા માટે સંગઠિત થઈને લડત ચલાવવા અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ ઉપરાંત બાબુભાઈ ખરાડી, હીરાભાઈ ડામોર, રાયસિંગભાઈ પારગી, મહેશભાઈ નિનામા, પર્વતભાઈ ડામોર, છત્રસિંહ પારગી, માનસિંગભાઈ ડામોર, રાયસિંગભાઈ ડામોર, અમરસિંહ હીરાભાઈ અને સલીમભાઈ શેખ સહિતના સ્થાનિક આગેવાનો પણ બેઠકમાં હાજર રહ્યા હતા.

નડિયાદમાં ગરબાની રમજાટ, સૂર પર ઝૂમ્યા ખેલૈયાઓ







નડિયાદ શહેરના ગરબા મહોત્સવમાં આદ્યાશક્તિની ભક્તિ સાથે ગરબાની અદ્ભૂત રમજટ જોવા મળી રહી છે. સુરીલા સ્વરો અને તાલબદ્ધ ગીતો પર સૌ ખેલૈયાઓ મન મૂકીને ગરબે ઝૂમી ઊઠ્યા હતા. ભક્તિ અને સંસ્કૃતિના ઉત્સવમાં સમગ્ર વાતાવરણ ઉલ્લાસ મય બન્યું છે. - **જશવંતસિંહ રાઠોડ**

સાયબર ક્રાઈમ પોલીસે લાંભવેલ રોડના ફ્લેટમાંથી ૪ સાગરીતને પકડી પાડ્યા

આણંદમાં સાયબર ગઠિયાનું 'મ્યુલ એકાઉન્ટ' રેકેટ પકડાયું

સામાન્ય નાગરિકોના નામે બેંક કિટો મેળવી કમિશનથી સાયબર ગઠિયાને પૂરી પાડતા

(પ્રતિનિધિ) આણંદ તા.૧૪

આણંદ સાયબર ક્રાઈમ પોલીસે ચોક્કસ બાતમીના આધારે લાંભવેલ રોડ પર આવેલા તક્ષશીલા એપાર્ટમેન્ટના એક ફ્લેટમાં છાપો મારીને સાયબર ગઠિયાઓને 'મ્યુલ એકાઉન્ટ' (બેંક ખાતાની કિટો) પૂરી પાડતી આંતરરાજ્ય ગેંગના ચાર સાગરીતોને ઝડપી લીધા છે.

આણંદ સાયબર ક્રાઈમના અધિકારીઓને ચોક્કસ બાતમી મળી હતી કે લાંભવેલ રોડ પર સ્થિત તક્ષશીલા એપાર્ટમેન્ટના ફ્લેટ નંબર બી-૩૦૧માં કેટલાક શખ્સો સાયબર ઠગો માટે બેંક ખાતાઓની કિટ મેળવી કમિશન મેળવવાનું ગેરકાયદે નેટવર્ક ચલાવી રહ્યા છે. પોલીસે પંચોને સાથે રાખી ફ્લેટમાં છાપો મારતાં ચાર યુવકો લેપટોપ અને મોબાઈલ ફોન સાથે ગેરકાયદે નાણાકીય લેવડદેવડ કરતા ઝડપાઈ ગયા હતા.

સાયબર પોલીસના દરોડા દરમિયાન પકડાયેલા ૪ શખ્સો ગુજરાત અને રાજસ્થાનના શખ્સોનો સમાવેશ થાય છે. આ શખ્સોની પૂછપરછ કરતાં અર્જુન ભરતજી ઠાકોર (રહે. જોટાણા, મહેસાણા), હેમંતસિંગ અર્જુનસિંગ રાઠોડ (રહે. જેસલમેર, રાજસ્થાન), વિજય ગોવિંદજી ઠાકોર (રહે. નોરતા, પાટણ) અને પ્રવિણસિંગ સ્વરૂપસિંગ ભાટી (રહે. બાડમેર, રાજસ્થાન) હોવાનું જણાવ્યું હતું.

આ કાર્યવાહીમાં પોલીસે સ્થળ પરથી ૫ વિવિધ બેંકોની પાસબુક, ૧૧ ડેબિટ / ક્રેડિટ કાર્ડ, ૮ એન્ડ્રોઇડ તથા આઈફોન મોબાઈલ અને ૩૫ હજાર રોકડા રકમ જપ્ત કર્યાં હતાં. આ દરોડામાં ઝડપાયેલા બેંક ખાતાઓની રાષ્ટ્રીય પોર્ટલ પર તપાસ કરતા, આ ખાતાઓ સામે અગાઉ સાયબર છેતરપિંડીની ૪ ફરિયાદો નોંધાયેલી હોવાનું ખુલવા પામ્યું છે.

વનરક્ષક કર્મીઓ દ્વારા પડતર પ્રશ્ને ઉગ્ર આંદોલનની ચીમકી

મહીસાગર વનરક્ષક કર્મચારી મંડળની સામાન્ય સભા અને ચિંતન શિબિર યોજાઈ

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.૧૪

રાજ્ય વનરક્ષક કર્મચારી મંડળની સૂચના મુજબ સાતકુંડા મુકામે મહીસાગર વનરક્ષક કર્મચારી મંડળ દ્વારા સામાન્ય સભા અને ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભાનો મુખ્ય હેતુ વનરક્ષક કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે ચર્ચા-વિચારણા કરી આંદોલનને વધુ વેગવાન બનાવવાનો હતો.

આ શિબિર દરમિયાન કર્મચારીઓએ પોતાની વિવિધ માગણીઓ અંગે વિસ્તૃત ચર્ચા કરી આગામી રણનીતિ અંગે વિચારમંથન કર્યું હતું. આ સભામાં સ્પષ્ટ જણાવાયું હતું કે જો સરકાર દ્વારા વનરક્ષકોની માગણીઓનો સ્વીકાર કરવામાં નહીં આવે, તો ચાલી રહેલા આંદોલનને વધુ ઉગ્ર અને અસરકારક બનાવવામાં આવશે. આ માટે તમામ કર્મચારીઓને સંગઠિત રહી એકતા અને મક્કમતાથી લડતમાં સહભાગી થવા અપીલ કરવામાં આવી હતી. આ સામાન્ય સભા અને ચિંતન શિબિર દ્વારા કર્મચારીઓએ સંગઠનની એકતા મજબૂત કરી પોતાના હક્કો માટે સતત લડત ચાલુ રાખવાનો દ્રઢ સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

કડાણાના જૂની ગોધર ખાતે MGVCL દ્વારા વીજ જાગૃતિ અને સલામતી અભિયાન યોજાયું

કડાણા | કડાણા તાલુકાના જૂની ગોધર ખાતે લુણાવાડા વિભાગીય કાર્યપાલક ઇજનેર યુ.એ. સોલંકીની અધ્યક્ષતામાં વીજ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વીજ ચોરી ટાળવા, વીજ બચત કરવા, સલામતી પૂર્ણ વાયરિંગ અને સોલાર સિસ્ટમ અપનાવવા અંગે ગ્રામજનોને સમજ આપવામાં આવી હતી. અધિકારીઓએ દૈનિક ચાની પ્યાલી જેટલા ઓછા ખર્ચનું ઉદાહરણ આપીને વીજ ચોરીથી થતાં અકસ્માતો અને મુશ્કેલીઓથી દૂર રહેવા અનુરોધ કર્યો હતો. ગામના સરપંચ અને આગેવાનોએ એમ.જી.વી.સી.એલ.ના આ સરાહનીય અભિગમને બિરદાવી પૂર્ણ સહકાર આપવાની ખાતરી આપી હતી.

આણંદની ક્રિશ્ચિયન કોલેજ ઓફ એજ્યુકેશનમાં 'પ્રવૃત્તિ આધારિત અધ્યયન' પર અતિથિ વ્યાખ્યાન યોજાયું

આણંદ | ક્રિશ્ચિયન કોલેજ ઓફ એજ્યુકેશનમાં જ્ઞાનાત્મક ધારા હેઠળ 'પ્રવૃત્તિ આધારિત અધ્યયન: ક્રિયા દ્વારા શિક્ષણ' વિષય પર અતિથિ વ્યાખ્યાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વક્તા તરીકે બી.જે.વી.એમ. કોલેજના અધ્યાપક સહાયક ડો. ચિંતન ચાવડાએ ઉપસ્થિત રહી તાલીમાર્થીઓને ક્રિયા, પ્રવૃત્તિ અને પ્રયોગ દ્વારા શિક્ષણ આપવાના મહત્વ વિશે માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન અધ્યાપિકા ડો. શબનમ સૈયદ તથા તમામ અધ્યાપક ગણના સહયોગથી સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કેમ્પસ ડાયરેક્ટર અને આચાર્ય જતીન પઢિયાર તથા સંસ્થાના ચેરમેન વોલેસ ક્રિશ્ચિયનના માર્ગદર્શન હેઠળ યોજાયું હતું.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509

નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

અમરાપુરા પ્રા. શાળા ખાતે મોદજ સી.આર.સી. કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજાયું

નડિયાદ | અમરાપુરા પ્રાથમિક શાળા ખાતે યોજાયેલ મોદજ સી.આર.સી. કક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં ૧૪ શિક્ષકોના માર્ગદર્શન હેઠળ ૫૦થી વધુ બાળ વૈજ્ઞાનિકોએ ૫ વિવિધ વિભાગોમાં ૨૬ નવતર કૃતિઓ રજૂ કરી હતી. નિર્ણાયકો દ્વારા મૂલ્યાંકન કર્યા બાદ વિજેતા બનેલી કૃતિઓ હવે તાલુકા કક્ષાના પ્રદર્શનમાં મોદજ ક્લસ્ટરનું પ્રતિનિધિત્વ કરશે. દરેક વિભાગના વિજેતા બાળ વૈજ્ઞાનિકોને દાતાશ્રી હિરેનભાઈ શાહ તરફથી પ્રોત્સાહક ઇનામો એનાયત કરવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન મોદજ સી.આર.સી. કો-ઓર્ડિનેટર ચૈતન્ય ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું.

કપડવંજ રત્ન ડો. હરીશ કુંડલીયાના 83મા જન્મદિવસની દિવ્યાંગ બાળકો સાથે વિશિષ્ટ ઉજવણી

કપડવંજ | કપડવંજની વીએસ ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ માનદ મંત્રી તથા કપડવંજ રત્ન ડો. હરીશ એચ. કુંડલીયાના 83મા જન્મદિવસની ઉજવણી સંસ્થાના દિવ્યાંગ બાળકો સાથે વિશિષ્ટ રીતે કરવામાં આવી હતી. આ પ્રસંગે કપડવંજની વિવિધ સંસ્થાઓના આગેવાનો, પ્રતિષ્ઠિત ડોક્ટરો તેમજ સેવાભાવી સંસ્થાઓના મહાનુભવોએ વિશેષ હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ મહાનુભવો દ્વારા ડો. હરીશ કુંડલીયાને જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. સંસ્થાના દિવ્યાંગ બાળકો, વાલીઓ અને કાર્યકરોએ ઉત્તમ સ્વાસ્થ્ય, દીર્ઘાયુષ્ય, સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે મંગલ કામનાઓ વ્યક્ત કરી હતી.

નડિયાદના ધરણીધર હોમ્સ ખાતે ધામધૂમથી નવરાત્રી મહોત્સવ યોજાયો

નડિયાદ | નડિયાદ સ્થિત પીજ ચોકડી પાસે આવેલા ધરણીધર હોમ્સ ખાતે નવલી નવરાત્રી પર્વ નિમિત્તે પવિત્ર માતાજીની સ્થાપના કરવામાં આવી છે. આ મહોત્સવ દરમિયાન સોસાયટી પરિસરમાં દરરોજ નિયમિત આરતી, પૂજન અને ગરબાનું સુંદર આયોજન કરવામાં આવે છે. આ ધાર્મિક આયોજનમાં સોસાયટીના તમામ બહેનો ખૂબ જ ઉત્સાહપૂર્વક અને મન મૂકીને ભાગ લઈ રહ્યા છે. તમામ ખેલૈયા બહેનો તાલીઓના તાલે ગરબે ઘૂમીને માતાજીની આરાધના કરી રહ્યા છે.

આણંદ શહેરમાં તપોધન બ્રાહ્મણ સમાજ દ્વારા સર્વ પિતૃ તર્પણ વિધિ યોજાઈ

આણંદ | આણંદના લોટેશ્વર મહાદેવ મંદિરમાં શ્રાદ્ધ પક્ષ નિમિત્તે માતૃ-પિતૃ મોક્ષાર્થે સર્વ પિતૃ તર્પણ વિધિનું વિદ્વાન બ્રાહ્મણો દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આણંદ અને આજુબાજુના ગામડાંઓમાંથી ૨૫૦થી વધુ ભાઈ-બહેનોએ સ્વર્ગસ્થની તિથિ તથા ગોત્ર પ્રમાણે પિતૃઓના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આ મહાયજ્ઞમાં શાંતિ પ્રાર્થના, દત્ત બાવની પાઠ, વિષ્ણુપૂજન, પિતૃતર્પણ, ક્ષમાચાચના અને કાગવાસ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મંત્રી હરિશભાઈ ભટ્ટ 'જન્મ મૃત્યુના રહસ્ય' વિશે ગુઢ માહિતી આપી હતી.

સરદાર પટેલ યુનિવર્સિટી ક્રોસ-કંટ્રી સ્પર્ધામાં પેટલાદના વિદ્યાર્થીએ નવો રેકોર્ડ સ્થાપ્યો

આણંદ | સરદાર પટેલ યુનિવર્સિટી ઇન્ટર કોલેજ ક્રોસ-કંટ્રી સ્પર્ધામાં આર.કે.પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદની ભાઈઓ અને બહેનોની બંને ટીમોએ ચોથો ક્રમ મેળવ્યો છે. આ સ્પર્ધામાં કોલેજના વિદ્યાર્થી ભરવાડ ગોપાલભાઈ એન. સમગ્ર સ્પર્ધામાં ૩૪.૪૧ મિનિટનો શ્રેષ્ઠ સમય આપીને સરદાર પટેલ યુનિવર્સિટીનો નવો કીર્તિમાન રેકોર્ડ સ્થાપ્યો હતો. આ સિદ્ધિ બદલ કોલેજના પ્રિન્સિપાલ ડો. વિમલ જોષીની પ્રેરણા અને રમતગમત વિભાગના ડો. મહેન્દ્રસિંહ કે. મંડોરાના કોચિંગ હેઠળ વિદ્યાર્થીઓએ આ ગૌરવપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. આ સફળતા બદલ કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યાં હતાં.

નડિયાદમાં ભાજપા મહિલા મોરચા દ્વારા મહિલા સુરક્ષા અને ન્યાયની માગ સાથે પ્રદર્શન કર્યું

નડિયાદ | કોંગ્રેસના સાંસદ તથા જેએનયુના પ્રોફેસર અંગોમચા બિમોલ અકોઇજન સામે વિદ્યાર્થીનીઓની જાતીય સતામણીના ગંભીર આક્ષેપોના વિરોધમાં ભાજપા મહિલા મોરચા દ્વારા નડીઆદ સ્થિત ખેડા જિલ્લા કોંગ્રેસ સમિતિ કાર્યાલય સામે ધરણા-પ્રદર્શન યોજાયા હતા. આ કાર્યક્રમમાં ભાજપા મહિલા મોરચાનાં પ્રદેશ મહામંત્રી જાહનવીબેન વ્યાસ, ખેડા જિલ્લા અધ્યક્ષ નયનાબેન પટેલ તથા કિસાન મોરચા પ્રદેશ મહામંત્રી હેમાલબેન પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ખેડા જિલ્લા મહિલા મોરચાની કાર્યકર્તા બહેનોએ મોટી સંખ્યામાં એકત્ર થઈને મહિલાઓની ગરિમા અને સુરક્ષાના મુદ્દે પોતાનો વિરોધ નોંધાવ્યો હતો.

કપડવંજ કોલેજના NSS વિભાગ દ્વારા રાષ્ટ્રીય રક્ષાશક્તિ યુનિવર્સિટીનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો

કપડવંજ | કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ વી.એમ. પારેખ કોમર્સ કોલેજના એનએસએસ પ્રકલ્પના ૨૮ વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય રક્ષાશક્તિ યુનિવર્સિટી, ગાંધીનગરની શૈક્ષણિક મુલાકાત લીધી હતી. આ દરમિયાન વિદ્યાર્થીઓને સાઇબર ફ્રોડથી બચવાના ઉપાયો (૧૯૩૦ હેલ્પલાઇન) તેમજ માર્ગ સલામતી વિશે પીપીટી પ્રેઝન્ટેશન દ્વારા વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. પરત ફરતી વખતે વિદ્યાર્થીઓ દ્વારા ઉત્કંઠેશ્વર મહાદેવ કેમ્પસ ખાતે પ્લાસ્ટિક મુક્ત અભિયાન હાથ ધરીને સ્વચ્છતા કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

સરદાર પટેલ યુનિ. ઇન્ટર કોલેજીએટ બાસ્કેટબોલ સ્પર્ધામાં પી.જી. ડિપાર્ટમેન્ટની ટીમ રનર્સ-અપ

આણંદ | વલ્લભ વિદ્યાનગર ખાતે સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા આયોજિત ઇન્ટર કોલેજીએટ મહિલા બાસ્કેટબોલ ટુર્નામેન્ટમાં કુલ ૪ ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પી.જી. ડિપાર્ટમેન્ટની મહિલા બાસ્કેટબોલ ટીમે ઉત્કૃષ્ટ રમત દર્શાવીને રનર્સ-અપ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન ટીમના ખેલાડીઓએ શ્રેષ્ઠ શિસ્ત, ટીમવર્ક અને આત્મવિશ્વાસ સાથે ફાઇનલ સુધી પહોંચીને ગૌરવ વધાર્યું હતું. આ સિદ્ધિ બદલ યુનિવર્સિટીના કુલપતિ, કુલસચિવ, કોચ ડો. કાર્તિકકુમાર રબારી તથા જિમખાના અધ્યક્ષે સમગ્ર ટીમને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

સંતરામપુરની શાળાની વિદ્યાર્થિનીઓની બાળ વિજ્ઞાન સેમિનારમાં પર્યાવરણલક્ષી પહેલ

સંતરામપુર | લુણાવાડા ખાતે યોજાયેલા જિલ્લા કક્ષાના રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન કોંગ્રેસ-2026ના સેમિનારમાં સંતરામપુર તાલુકાની નવદુર્ગા માધ્યમિક શાળા, ભંડારાની ધોરણ-9ની વિદ્યાર્થિનીઓ ચમાર સોનલબેન મુકેશભાઈ અને તાવિયાડ ધર્મિષ્ઠાબેન ભરતભાઈએ પર્યાવરણ સંરક્ષણ અંગેનો પ્રોજેક્ટ રજૂ કર્યો હતો. વિદ્યાર્થિનીઓએ જૂના છાપામાંથી ઇકો-ફ્રેન્ડલી પેપર બેગ: પ્લાસ્ટિક પ્રદૂષણ નિવારવાનો ટકાઉ ઉપાય વિષય અંતર્ગત કાગળની થેલીઓ બનાવી પ્લાસ્ટિકનો વપરાશ ઘટાડવાનો સંદેશ આપ્યો હતો. આ શાળાના વિજ્ઞાન શિક્ષિકા નિરાલીબેન ચૌધરીના માર્ગદર્શન હેઠળ સર્જનાત્મક અભિગમ દાખવ્યો હતો.